**(૧) આ કામનાં તોહ.દાર,(સરદારનગર) પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી વિરુધ્ધ પ્રોહી. એકટની કલમઃ૬૬(બી), ૬૫(ઈ),૮૧ મુજબનાં ગુનાનું ચાર્જસીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસનાં ચાર્જસીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ અન્વયે વિનામુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુનો કબુલાત પુરસીસ રજુ કરેલ છે. અને ત્યારબાદ આરોપીને ધી પ્રોહી. એકટની કલમઃ૬૬(બી), ૬૫(ઈ),૮૧ નાં ગુના માટે પ્લી/નીવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.**

**(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ તેઓ મજુરી કામ કરી તેનાં કુંટુબનું ગુજરાન ચલાવે છે અને તેઓનો પ્રથમવારનો ગુનો છે અને હવે પછી આવો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. વિ.એ.પી.પી.શ્રીએ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.**

**(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધનાં ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.**

**:: હુકમ::**

**આરોપીને પ્રોહી.એકટની કલમઃ૬૬(બી), ૬૫(ઈ),૮૧ મુજબનાં ગુના માટે ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે કસુરવાર ઠરાવી એકત્રીતપણે કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦૦/– (અંકે રૂા. એક હજાર પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૦૧(એક)ની સાદી કેદની સજા કરવામાં આવે છે.**

**મુદામાલ નાશ કરવો/ મુદામાલ વાહન જેને બોન્ડ પર આપેલ છે તેની પાસે રહે તેવો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજ તા.૧૪/૦૯/૧૯નાં રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**(બરકતખાન એચ.ઘાસુરા)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૭, અમદાવાદ**
**જજ કોડ નં.૦૦૯૮૩**

**અમદાવાદ**
**તા.૧૪/૦૯/૧૯**